# જૈન સાહિત્યનાં પદો વિષે વિચારણા

**પ્રા. ચંદ્રકાન્ત મહેતા,** એમ. એ., એલએલ. બી., પીએચ. ડી.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિશેષ વ્યાપક, વિશેષ લોકગમ્ય અને લોકપ્રિય, અને વિશેષ સમૃદ્ધ પ્રકાર પદનો હતો. બીજા પ્રકારોમાં આમજનતા મોટે ભાગે શ્રોતાનું કામ કરતી. પરન્તુ, આ પ્રકાર જ એવો હતો, કે જે આમજનતા, મુખપાઠ કરીને, હોંશે હોંશે, દિનપ્રતિદિન ગાઈને, આનંદ માણી શકે. આ પ્રકાર એ જૈન, જૈનેતર—બન્નેએ વિકસાવ્યો છે. આ પ્રકારની લોકપ્રિયતા એટલી બધી હતી, કે પ્રબંધલેખકો પ્રબંધોમાં, આખ્યાનકારો આખ્યાનમાં, રાસાલેખકો રાસામાં, ને વાર્તાકારો વાર્તામાં એનો છૂટથી ઉપયોગ કરતા. આમ પદનું સ્વતંત્ર સ્થાન તો હતું જ, પરન્તુ અન્ય પ્રકારો જોડે પણ એ પ્રકાર સંકળાયેલો હતો.

પદ એ ઊર્મિજન્ય કાવ્યપ્રકાર છે. એથી પદને આપણી અર્વાચીન કાવ્યસંજ્ઞા આપવી હોય તો, આપણે એને ઊર્મિકાવ્ય ( Lyric ) કહી શકીએ. આ પ્રકારમાં ઊર્મિ જેટલે અંશે પ્રબળ, કાવ્યોચિત, તેટલે અંશે કાવ્યની ઉત્તમતા. જે ઊર્મિનું પદમાં નિરૂપણ થાય છે તે ઊર્મિ બે પ્રકારની છે : એક ભક્તિની ને બીજી ઉપદેશાત્મક. ઉપદેશાત્મક ઊર્મિમાં પદો બહુધા શાન્તરસનાં હોય છે અને એ પ્રકાર જૈન સાહિત્યમાં સારા પ્રમાણમાં ખીલ્યો છે. જૈન સાહિત્યનાં પદમાં આપણને જે ઊર્મિ દૃષ્ટિએ પડે છે તે કાં તો કથનાત્મક યા તો વર્ણનાત્મક સ્વરૂપમાં વ્યક્ત થઈ છે.

મધ્યકાલીન સાહિત્યની એક વિશેષતા એ હતી કે સાહિત્ય અને જીવન પરસ્પર સુસંકલિત હતાં. જીવનની જરૂરિયાતમાંથી જ સાહિત્યનો ઊગમ થતો. આથી સાહિત્યનું આખું માળખું જ જીવન જોડે સંકળાયેલું રહેતું. આથી મધ્યકાલીન કવિ સામાન્ય માનવી માટે જ કાવ્ય રચતો, સામાન્ય જનને માટે જ પોતાની ઊર્મિને વ્યક્ત કરતો અને એથી સાહિત્ય સર્વજનસુલભ અને સર્વ જનનું બની જતું. એ સમયનો કવિસામાન્ય જનથી ભિન્ન એવી ભાષામાં બોલતો કે કાવ્ય રચતો નહિ. કાવ્યનો રચયિતા અને ભાવક બન્ને એક જ પ્રકારની દૈનંદિન વપરાતી ભાષાથી સંકળાયલા હતા. કવિ સામાન્ય જીવનમાંથી જ પોતાનાં વકતવ્ય માટે ઉપમાનો ને દૃષ્ટાન્તો શોધતો; લોકજીવન જ એનું પ્રેરણાસ્થાન હતું; જેમકે સમયસુન્દર એમનાં નીચેના પદમાં લોકજીવનનું જ રૂપક આપે છે.

ધોબીડાં તું ધોજે મનનું ધોતીયું રે,
  રખે રાખતો મેલ લગાર રે.
એણે રે મેલે જગ મેલો કર્યો રે,
  વિણ ધોયું ન રાખે લગાર રે.
શમદમ આદે જે શીલ રે,
  તિહાં પખાળે આતમ ચીર રે.
તપવજે તપ તડકે કરી રે,
  જાળવજે નવબ્રહ્મ વાડ રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાંટા ઉરાડે પાપ અઢારના રે,
 એમ ઉજળું હોંશે તત્કાળ રે,
આલોયણ સાબુડો સુધો કરે રે,
 રખે આવે માયા શેવાળ રે.

અહીં ધોબીનું રૂપક સર્વજનગમ્ય છે એટલું જ નહિ, પણ સરળ શબ્દોમાં, સ્પષ્ટતાથી, રૂપકને કવિએ એક પછી એક ધોબીનાં જીવનનાં ચિત્રો આપીને સમજાવ્યું છે.

આ ઉપરાંત, માનવનાં નિત્યકર્મને પણ પદમાં ગૂંથી તે દ્વારા ધર્મોપદેશ કરવાની, કે માનવને એનાં કર્તવ્યનું સ્મરણ કરાવવાની રીતિ પણ પદમાં દૃષ્ટિએ પડે છે. વાચક જશવિજયજીનું નીચેનું સ્તવન—

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુગુણ જલમુખ શુદ્ધ
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુખ નિર્મળ બુદ્ધ
જતનાએ સ્નાન કરીએજી, કાઢો મેલ મિથ્યાય
દીવો કરતાં ચિંતવોજી, જ્ઞાનદીપક સુપ્રકાશ
નયચિંતા ઘી પૂરીયુંજી, તત્ત્વપાત્ર સુવિશાળ

રોજના અત્યંત અગત્યનાં એવાં કાર્યો કવિએ અહીં પોતાનું વક્તવ્ય શ્રોતાઓના હૃદયમાં સોસરું ઊતરે માટે આલેખ્યાં છે. આમ પદનું સાહિત્ય જીવન જોડે ઘનિષ્ઠ રીતે સંકળાયેલું હતું.

સામાન્ય રીતે જૈનસાહિત્યનાં પદ સિવાયના બીજા પ્રકારોમાં, જૈનેતર સાહિત્યની કે ધર્મની અસર જવલ્લે જ દૃષ્ટિએ પડે છે, પરંતુ, જૈનપદોની એક વિલક્ષણતા એ છે કે, એમાં જૈનેતર પ્રેમલક્ષણા ભક્તિની અસર સ્પષ્ટપણે દૃષ્ટિએ પડે છે. વૈરાગ્યપ્રધાન જૈનધર્મમાં પ્રેમલક્ષણા ભક્તિને સ્થાન ન હોય, પણ જૈનકવિઓ પદના પ્રકારમાં પ્રેમલક્ષણા ભક્તિની પરિભાષામાં જ પોતાની ઊર્મિને વ્યક્ત કરે છે. શૃંગારની પરિભાષાનો ઉપયોગ, જૈનકવિઓને પણ જૈનેતર કવિઓ જેટલો જ સુગમ હતો, અને એ વાહન દ્વારા પણ પોતાની ઊર્મિઓ અત્યંત આસાનીથી વ્યક્ત કરતા. ઈશ્વરને પ્રિયતમ માનીને એની ઉપાસના કરાઈ હોય એવું કવિ આનંદઘનજીનું નીચેનું પદ જુઓ :

મુને મારો નાહોલિયો મળવાનો કોડ
મીઠાબોલા મનગમતા માહજી વિણ તનમન થાએ મોડ
કાંઈ ઢોળિયો ખાટ પછેડી તળાઈ ભાવે ન રેશમ સોડ
અબ સબ મારે ભલારે ભલેરા, મારે આનંદઘન શિરમોડ

(જૈનકાવ્યદોહન, પૃ. ૪૭)

બીજા એક પદમાં એઓ કહે છે :

નિરાધાર કેમ મૂકી, શ્યામ મને નિરાધાર કેમ મૂકી
કોઈ નહિ હું કોણ શું બોલું, સહુ આલંબન ટૂંકી
પ્રાણનાથ તુમે દૂર પધાર્યા, મૂકી નેહ નિરાશી
જણજણના નિત્ય પ્રતિગુણ ગાતાં, જનમારો કિમ જાશી

(જૈનકાવ્યદોહન, પૃ. ૪૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ઈશ્વરને માટે 'શ્યામ', 'પ્રાણનાથ' વગેરે સંબોધનો, સ્પષ્ટ રીતે, ગોપી જ કૃષ્ણને સંબોધતી હોય, અને પોતાની વિરહવેદના આર્દ્ર શબ્દોમાં વ્યક્ત કરતી હોય એમ લાગે છે. આનંદઘનજીનું નીચેનું પદ તો એથી પણ વધારે આગળ વધીને, જાણે દયારામ કે નરસિંહે જ લખ્યું હોય, એવી ઉત્કટ શૃંગારની પરિભાષામાં પોતાના ભાવો વ્યક્ત કરે છે.

પિયાબીન સુધબુધ ખુંદી હો
વિરહ ભુજંગ નિશા સમે,
મેરી સેજડી ખૂંદી હો.
નિશદિન જોઉં તારી વાટડી
ઘેરે આવો રે ઢોલા.

અથવા

મીઠો લાગે કંતડો ને ખારો લાગે લોક
કંતવિહુણી ગોઠડી, તે રણમાંહે પોક.

જાણીતા કવિ યશોવિજયજી પણ એમના પદોમાં ગોપીભાવને મળતો પ્રિયતમ–પ્રિયતમાનો ભાવ નિરૂપે છે. એમના એક પદમાં એઓ કહે છે:

પિયુ પિયુ કરી તુમને જપું રે
હું ચાતક તુમે મેહ
(ચૈત્યવંદન ચોવીશી)

આ પંક્તિ મીરાંની આવી જ ઉપમાવલિઓની સહજ રીતે આપણને યાદ આપે છે. આ પરિભાષા એ જૈનપદ સાહિત્યની એક વિશેષતા ગણી શકાય. જૈન રાસાઓ, કથાઓ તથા પ્રબંધોમાં શૃંગાર આવે છે, પણ એ શૃંગારનું એ પ્રકારોમાં સ્વતંત્ર સ્થાન છે. ભક્તિની ભાવનાને વ્યક્ત કરવાની પરિભાષા યા તો રૂપક તરીકે નહિ.

જૈનો મુખ્યત્વે વાણિજ્યપ્રધાન કોમ હોઈ વાણિજ્યની પરિભાષા કે વાણિજ્ય જગતમાંથી લીધેલાં રૂપકો પણ જૈનપદોમાં સ્વાભાવિક રીતે મળે છે. આપણા વાણિજ્યપ્રધાન મુલકને એવાં રૂપકો વિશેષ રૂચે અને ગ્રાહ્ય બને એ સ્વાભાવિક છે. આનંદઘનજીના નીચેના પદમાં જિંદગી ટૂંકી છે અને જીવનમાં આપણે જે સાધવાનું છે તે ઘણું છે, એ હકીકત વેપારની પરિભાષામાં સમજાવતાં એઓ કહે છે:

મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે,
કેમ કરી દીધો રે જાય.
તલપદ પૂંજી મેં આપી સઘળી રે,
તોય વ્યાજ પૂરું નહિ થાય.
વ્યાપાર ભાગો જલવટ થલવટે રે,
ધીરે નહિ નિશાની માય.
વ્યાજ બોડાવી કોઈ ખંદ્દા પરઠવે,
તો મૂલ આખું સમ ખાય.
હાટડું મારુ રૂડાં માણેકચોકમાં રે,
સાજનિયાનું મનડું મનાય.
આનંદઘન પ્રભુ શેઠ શિરોમણિ રે,
બાંહડી ઝાલજે રે આય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં કવિનું વક્તવ્ય વિશદાર્થ છે અને રૂપકની પસંદગી પણ યોગ્ય રીતે થઈ છે. નરસિંહ મહેતાનું

અમે તો વહેવારિયા રામનામના રે,
વેપારી આવે છે બધા ગામગામના રે.

એ પદનું આ પદ વાંચતાં સ્મરણ થાય છે. બન્ને કાવ્યમાં વેપારીની સૃષ્ટિમાંથી જ રૂપકની પસંદગી કરી છે. આ બન્નેમાં સમાનતા લાગે તેનું કારણ એ કે બન્ને પદોનું પ્રેરણાસ્થાન એક જ હતું. બન્ને જનતાને દૃષ્ટિ સમક્ષ રાખીને, તેમને પોતાનું વક્તવ્ય શી રીતે સુગ્રાહ્ય બને, એ દૃષ્ટિએ લખાયાં છે.

જૈનપદોનો બીજો એક વિશિષ્ટ પ્રકાર 'સજ્ઝાય'નો છે. 'સજ્ઝાય' શબ્દ સ્વાધ્યાયપરથી આવ્યો છે. રોજ પ્રાતઃકાળે કે પ્રભાતે, પોતાના અધ્યયન માટે ભક્તજનો પોતાને જે સજ્ઝાયો મુખપાઠ હોય તે બોલી જતા. આ રીતે સજ્ઝાયો મુખપાઠ થતી અને મંદિરોમાં પણ ગવાતી. સજ્ઝાયોનો મુખ્ય હેતુ લોકોને ધર્મમાર્ગે દોરવાનો હતો. ધર્મમાર્ગે લોકોને બે રીતે દોરી શકાય: કાં તો સીધેસીધો ઉપદેશ આપીને, અથવા તો દૃષ્ટાન્ત દ્વારા — વાર્તા કહીને — પરોક્ષ ઉપદેશ આપીને. સજ્ઝાયમાં આ બન્ને પ્રકારો દૃષ્ટિએ ખડે છે.

કથાપ્રધાન સજ્ઝાયોમાં કોઈ ત્યાગી પુરુષનું કે મુનિનું જીવનવૃત્તાંત સંક્ષેપમાં આવતું. જેમકે:

### ઈલાચીપુત્રની સજ્ઝાય

નામ ઈલાપુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર
નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સૂત્ર
કરમ ન છૂટે રે પ્રાણિયા — ટેક.

નિજકૂળ છાંડી રે નટ થયો, નાણી શરમ લગાર — કરમ૦

ઇકિપૂર આવ્યો રે નાચવા, ઊંચો વાંસ વિશેષ
તિહાં રાય જોવા રે આવીયો, મળિયા લોક અનેક — કરમ૦

દોય પગ પહેરી રે પાવડી, વાંસ ચઢ્યો ગજગેલ
નિરાધાર ઉપર નાચતો ખેલે નવનવા ખેલ — કરમ૦

ઢોલ વજાડે રે નટવી, ગાયે કિન્નર સાદ
પાયતલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ — કરમ૦

તિહાં રાય ચિત્તમેં ચિંતવે, લુબ્ધો નટવીની સાથ
જો નટ પડે રે નાચતો, તો નટવી મુજ હાથ — કરમ૦

ધન ન આપે રે ભૂપતિ, નટ જાણે રે ભૂપ વાત
હું ધનવંછુ રે રાયનો, ને રાય વંછે મુજ ઘાત. — કરમ૦

તવતિહાં મુનિવર પેખિયા, ધનધન સાધુ નિરાગ
ધિક્ ધિક્ વિખીયા રે જીવરે, એમ તે પામ્યો વૈરાગ. — કરમ૦

થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઊભેલાં બહાર
લો લો કે છે લેતા નથી, ધનધન મુનિ અવતાર — કરમ૦

સંવર ભાવે રે કેવળી, થયો મુનિ કર્મ ખમાય
કેવળ મહિમા રે સૂર કળે, લબ્ધિવિજે ગુણ ગાય — કરમ૦

(સજ્ઝાયમાળા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથામાં કોઈ પણ જાતના ઉપચાર વિના સીધું કથન જ છે. એમાં કથાને ઉચિત વસ્તુ છે. જરા પણ આડફેટે ગયા વિના લબ્ધિવિજયજીએ કથા કહી છે. ઈલાચીપુત્રને વૈરાગ એ મધ્યબિન્દુ છે. અહીં કથાનો દૃષ્ટાન્ત તરીકે ઉપયોગ થયો છે. આમાં ઊર્મિ નથી—સીધું કથન છે. મુનિ વખતસર આવી પહોંચ્યા અને પેલાને રાજા તરફ ઈર્ષા થવાને બદલે વૈરાગ આવ્યો એમાં વાર્તાની ખરી ચમત્કૃતિ રહેલી છે. આવી ઘણી કથાઓ સજ્ઝાયોમાં કહેવાઈ છે. જેમકે 'મેતારનીમુનિની સજ્ઝાય', 'અરણિકમુનિની સજ્ઝાય', 'વયરમુનિની સજ્ઝાય', 'પણકમુનિની સજ્ઝાય' વગેરે.

સજ્ઝાયોમાં ક્યારેક સીધો ઉપદેશ પણ આવતો.

કડવાં ફળ છે ક્રોધનાં જ્ઞાની એમ બોલે.
રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે.
ક્રોધે કોડ પૂરવતણું સંજય ફળ થાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.

(વિવિધ સ્તવનાદિ સમુચ્ચય ગ્રન્થ)

અથવા,

દૃષ્ટિરાગે નવ લાગીએ, વળી જાગીએ ચિત્તે
માગીએ શીખ જ્ઞાન તણી, હવે ભાંગીએ નિત્યે
જ્ઞાની ગુરુવચન રળિયામણાં, કટુ તીરસાં લાગે
દૃષ્ટિરાગે ભ્રમ ઊપજે, વધે જ્ઞાન ગુણ રાગે.

(પદસજ્ઝાયમાળા)

બીજા જૈનપદના પ્રકારોમાં 'ચૈત્યવંદન' અને 'સ્નાત્રપૂજા' છે. આ બન્ને પ્રકારો મંદિરો જોડે સંકળાયેલા છે. ચૈત્યનો અર્થ જૈનમંદિર એવો થાય છે. સામાન્ય રીતે ભક્તો દેવનાં દર્શન કરતી વખતે જે ગીતો કે સ્તુતિ બોલતાં તે ચૈત્યવંદન કહેવાય છે. એટલે સ્વાભાવિક રીતે એમાં મંદિરસ્થ દેવનું સંકીર્તન આવતું. ખીમાએ ચૈત્યવંદનામાં શત્રુંજય તીર્થમાહાત્મ્ય ગાયું છે. જેમકે :

આરાધું સામિણી શારદા, જિમ મતિ તઠી દિઈ મતિ અદા
શ્રી શેત્રંજ તીરથ વંદેવિ, ચૈત્રપ્રવાડિ રચેઈ સંખેવિ.
પાલીતાણઈ પ્રણમું પાશ, જિમ મનવાંછિત પૂરઈ આશ
લલિતાસ્રર વંદુ જિનવીર, સોઈ સાયર જિમ ગુહિર ગંભીર

આ પદમાં આરંભ શિરસ્તામુજબ શારદાની સ્તુતિથી કર્યો છે અને લાંબા કાવ્યમાં જે પ્રમાણેનો વિધિ હોય છે, તેવો વિધિ અહીં છે. અંતમાં તો કવિ મંદિરસ્થ દેવની જ પ્રશસ્તિ કરે છે. કવિ કહે છે :

એહ સ્વામી તુમ ગુણ જેટલા, મઈ કિમ બોલઈ તેતલા,
તું ગુણ રયણાયર હોઈ, એહ સંક્ષા નવ જણાઈ કોઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે ચૈત્યવંદન એટલે, ચૈત્યમાં વંદન કરતી વખતે ગવાતાં પદો. આ પ્રકારમાં કવચિત્ સ્થળ-માહાત્મ્ય પણ આવતું. મૂળા નામનાં કવિએ એનાં ચૈત્યવન્દનમાં બધા દેવની વંદના કરીને અંતે કહ્યું છે કે:

**કલસ**

છન્નુએ જિનવર છન્નુએ જિનવર
અર્ધો ઊર્ધ્વ ને લોક તીચ્છે જાણું એ
સાસય અસાસય જૈન પડિમા, તે સર્વે વખાણું એ
ગચ્છ વિધિપક્ષ પૂજ્ય પરગટ, શ્રી ધર્મમૂર્તિ સુરિંદું એ
વાચક મૂલા કહે ભણતાં ઋદ્ધિ, વૃદ્ધિ આણુંદું એ

અહીં કાવ્યના શીર્ષકમાં જે કળશ છે, તે સ્નાનપૂજામાં જે કળશ આવે છે તે નહિ, પણ 'કળશ' એ ઢાળનું કે કાવ્યમાં વપરાતી દેશીનું નામ હતું તે છે. જ્યારે સ્નાત્રપૂજાના ગીતને જે કળશ નામ આપવામાં આવે છે તે સ્નાત્રપૂજામાં વપરાતા કળશને લઈને હોવું જોઇએ.

ચૈત્યવંદન જેવો જ મંદિરની જોડે સંકળાયેલો અને મંદિરની જરૂરિયાતમાંથી ઉદ્ભવેલો પદપ્રકાર એ 'સ્નાત્રપૂજા' વા 'કળશ'નો છે. દેવને સ્નાન કરાવતી વખતે અને પુષ્પ ચઢાવતી વખતે 'સ્નાત્રપૂજા' કે 'કળશ'નાં પદો ગવાતાં. આ પદોમાં સ્નાનનો સ્પષ્ટ ઉલ્લેખ આવતો.

પવિત્ર ઉદક લેઈ અંગ પખાળી,
વિવિધ વસ્ત્ર જાદવ ચિરમાળી
કુસુમાંજલિ મહેલો આદિ જિણુંદા,
તોરા ચરણકમળ સેવે ચોસઠ જિણુંદા
—કુસુમાંજલિ

× × ×

સરસ સેવંતરિ માલતીમાલા,
ગુણ ગાવે ઇમ કવિય દેવાલા,
ઋષભ અજિત સંભવ ગુણ ગાઉં,
અનંત ચોવીશી જિનની ઓળગ પાઉં,
કુસુમાંજલિ મહેલો વીરજિણુંદા,
તોરા ચરણકમળ સેવે ચોસઠ ઇંદા

અહીં પ્રથમ પંક્તિમાં અંગપ્રક્ષાલનનો અને દ્વિતીય પંક્તિમાં કુસુમાર્પણનો ઉલ્લેખ આવે છે. બીજા એક સ્નાત્રપૂજાનાં પદમાં કહ્યું છે:

નિર્મળ જળ કળશે નવડાવે
વસ્ત્ર અમુલખ અંગ ધરાવે
કુસુમાંજલિ મેલો આદિ જિણુંદા
સિદ્ધ સ્વરૂપી અંગ પખાળી
આતમનિર્મળ હૂઈ સુકુમાલિ
—કુસુમાંજલિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( આર્યા )

મચકુંદ ચંપમાલઈ, કમલાઈ પુફ્ફપંચ વણ્ણાઈ
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દીતી.
( વીરવિજય સ્નાત્રપૂજા )

આમાં પણ સ્નાનનો સ્પષ્ટ ઉલ્લેખ છે. કુસુમાર્પણ વિધિનો પણ ઉલ્લેખ છે. એ વિધિમાં વિશેષતઃ તો ફૂલોની નામાવલિ આવતી.

કેટલાક જૈનપદપ્રકારો અન્ય જૈનેતર પદપ્રકારોની જોડે તદ્દન મળતા આવે છે અને બન્ને પ્રકારોમાં બાહ્યદૃષ્ટિએ કશો ભેદ નથી હોતો. ભેદ માત્ર, જે દેવની સ્તુતિ હોય તેનાં નામનો હોય છે. બાકી અન્ય રીતે એટલી બધી જૈન અને જૈનેતર પદપ્રકારમાં આપણને સમાનતા જડે છે કે જો દેવોનાં નામની અદલબદલ કરીએ તો એ પ્રકાર જૈનસાહિત્યનો છે કે જૈનેતર સાહિત્યનો છે તે વરતાય નહિ. આવો પ્રકાર આરતીનો છે. આરતીની વિધિ જૈન, વૈષ્ણવ, શિવ, માતા બધા મંદિરોમાં સમાન હતો એટલું જ નહિ, પણ બધે એક જ શિરસ્તા પ્રમાણે આરતી ઉતારાતી. એટલે બન્ને પ્રકારનાં મંદિરોની જરૂરિયાત પૂરી પાડવા માટે આરતીનો પદપ્રકાર ઉદ્‌ભવ્યો. મહાવીરસ્વામીની નીચેની આરતી કાંઈક વિશિષ્ટ હોવાથી આપી છે.

## મહાવીર સ્વામીની આરતી

જયદેવ જયદેવ જયસુખના સ્વામી પ્રભુ (૨)
તુજને વંદન કરીએ (૨) ભવભવના ભામી — જયદેવ જયદેવ.

સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા પ્રભુ (૨)
જશોદાના છે કંથજી, (૨) ત્રિભુવન જગરાયા — જયદેવ જયદેવ.

બાળપણામાં આપ ગયા રમવાને કાજે — પ્રભુ (૨)
દેવતાએ દીધો પડછાયો (૨) બીવરાવા કાજે — જયદેવ જયદેવ.

એકવારનું રૂપ લીધું છે નાગનું પ્રભુ (૨)
બીજીવારનું રૂપ (૨) લીધું છે બાળકનું — જયદેવ જયદેવ.

બાળક બીના સહુ પોતે નથી બીના પ્રભુ (૨)
દેવતાનું કાંઈ નવ ચાલ્યું, (૨) હારી જતા રહેતા, — જયદેવ જયદેવ.

એવા છે ભગવાન, મહાવીર તમે જાણો પ્રભુ (૨)
વન્દે છે સહુ તેને (૨) નમે રાયરાણો — જયદેવ જયદેવ.

અહીં ' જયદેવ ' ' જયદેવ 'નું ધ્રુવ ઉચ્ચારણ, એકીપંક્તિના ઉત્તરાર્ધનું અને બેકી પંક્તિના પૂર્વાર્ધનું બે બે વાર ઉચ્ચારણ, એ બધા જૈનેતર તેમ જ જૈન આરતીના પદના બાહ્ય સ્વરૂપનાં સમાનતત્ત્વો છે. અને મહાવીરને બદલે માત્ર નામો બદલીને કૃષ્ણને માટે પણ આ આરતી ચાલી શકે એટલી સમાનતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરના જીવનના સંક્ષેપમાં આલેખાયલા પ્રસંગોને બદલે કૃષ્ણના પ્રસંગો મૂકી શકાય. આ સમાનતાનું કારણ ઉપર જણાવ્યું તેમ આરતી ગાવાની પદ્ધતિ, તેમ જ આરતી બધે સરખી હતી, વિધિ સરખો હતો, તે જ છે. બીજી એક લાક્ષણિક આરતી જોઈએ :

અપ્સરા કરતી આરતી જિન આગે
હાં રે જિન આગે રે જિન આગે
હાં રે એ તો અવિચળ સુખડાં માગે,
હાં રે નાભિનંદન પાસ — અપ્સરા૦
તા થઈ નાટક નાચતી, પાય ઠમકે હાં રે દોય ચરણે
— ઝાંઝર ઝળકે.
હાં રે સોવન ઘુઘરી ઘમકે, હાં રે લેતી ફૂદડી બાઈ— અપ્સરા૦
તાલ મૃદંગ ને વાંસળી ડફ વેણા, હાં રે રૂડા ગાવંતી સ્વર ઝીણા
હાં રે મધુર સુરાસુર નયણાં, હાં રે જોતી મુખડું નિહાળ—અપ્સરા૦

આની વિશેષતા એ છે કે એમાં દેવના વર્ણનને બદલે દેવની આરતી ઉતારતી અપ્સરાનું વર્ણન છે. આરતીના અંતભાગમાં કવિ સીધું જ જિનવરને પોતાની સઘળી આપત્તિ હરવાની વિનતિ કરે છે. સામાન્ય રીતે આરતીમાં મૂર્તિનું વર્ણન, સ્તવન, કે એની પ્રશસ્તિ જ હોય છે. આ રીતે આરતીનો પ્રકાર જૈન તેમ જ જૈનેતર સાહિત્યમાં બાહ્ય દૃષ્ટિએ—વસ્તુ અને નિરૂપણ બન્ને દૃષ્ટિએ—અત્યંત સમાન હતો.

આ રીતે જૈન પદસાહિત્યમાં વૈવિધ્ય ઘણું છે. એમાં કથન, વર્ણન, ઊર્મિ વગેરે ઘણાં તત્ત્વો આવતાં. આ પ્રકાર જૈનેતર સાહિત્યની જેમ વિશેષતઃ મંદિરો જોડે સંકળાયલો હતો, અને તેથી જ આ પ્રકાર, જૈનેતર પદપ્રકાર જેટલો જ સમૃદ્ધ, પોતાની આગવી વિશેષતાવાળો, છતાં બીજાં પદોથી સાવ અસ્પૃષ્ટ નહિ પણ સંકળાયેલો એવો મનોહારી સાહિત્ય પ્રકાર છે. અને મધ્યકાલીન પદ સાહિત્યની અઢળક સમૃદ્ધિમાં, જૈનસાહિત્યકારોનો ફાળો પણ ચિરસ્મરણીય છે, સારો તેમ જ માતબર છે એ હકીકત દીવા જેવી સ્પષ્ટ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org